**સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયાધીશ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૧૩૧/૨૦૨૬**

**<u>આંક–૯</u>**

**ફરિયાદી–** **કારખાના નિરીક્ષક શ્રી.જે.એન.વસાવા,સુરત.**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી–** **શ્રી જેનિશ વિઠ્ઠલભાઈ વિરડીયા–કબ્જેદારશ્રી,ઉ.આ.વ.૩૩**
કારખાનાનું નામ–ઈએનસી લાઇફ સ્ટાઈલ
સરનામુ–ટી.પી.નં.૪૬ & એફ.પી.નં.૧૪૧,પ્લોટ નં.૩૦
(૩ થી પમો માળ)પ્લોટ નં.૨૯(૩ જો માળ) પ્રગતી ઈકો
પાર્ક,અમરોલી,સુરત
રહે.સરનામુ–૨૭,સાધના સોસાયટી,ભોજલરામ ચૌક,હવેલી
પાસે,મોટા વરાછા,ચોર્યાસી,સુરત,ગુજરાત–૩૯૪૧૦૧

**<u>ગુનોઃ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ ૭–એ(૨)(સી)ના ભંગ બદલ</u>**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરિયાદની નકલ આપી.તેઓને ફરિયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૭ થી રજુ છે અને આંક–૮ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.વધુમાં આ કામે આરોપી તર્ફેથી આંક–૬ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજૂ કરેલ છે જેમાં આરોપીએ મરણ જનારના પુત્રને નાણાં ચુકવી આપ્યા જે અંગે સોગંદનામુ તેમજ મરણ જનારના પુત્રને બીજા વધુ નાણાં ચુકવ્યા અંગેની રકમ અને તારીખ સાથેની લીસ્ટ રજૂ કરેલ છે તેમજ પ્રાણઘાતક અકસ્માત થયેલ તેના વળતર પેટે વિમા કંપનીએ નામદાર કમિશ્નરશ્રી,સુરત સમક્ષ પૈસા જમા કરાવેલ અને તે અંગે નામદાર કોર્ટ દ્વારા ડીસ્ટ્રબ્યુશન અરજી નં.૯/૨૦૨૬ ના કામે પક્ષકારોને કાઢેલ નોટીસની નકલ આ કામે રજૂ કરેલ છે જે વંચાણે તથા ધ્યાને લીધેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત કલમના ભંગ બદલ કારખાના ધારાની કલમ–૯૨ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરે છે.આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર,ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીની સામાજીક આર્થિક જવાબદારી,આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબ હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

આરોપીને તેઓ સામે **કારખાનાના ધારા–૧૯૪૮ ની કલમ–૭–એ(૨)(સી)** ના ઉલ્લંઘન બદલ સદરહું અધિનિયમની **કલમ–૯૨** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે ઉપરોકત કલમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી **રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે કુલ **રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમિયાન વાંચી,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. – ૧૪/૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મજૂર અદાલત નં.૨,સુરત
**U.I.C.No.GJ01279**